નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/૪૪
વિતરણ /પોલીસી/ ૨૦
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા.૨૭/૦૬/૨૦૧૯

વિષય :- નિગમ ધ્વારા પરિપત્રિત કરવામાં આવેલ પરિપત્ર નં.૪૪ તા.૦૮/૦૬/૨૦૧૬ ની શરત નં.૫ નું સ્પષ્ટીકરણ કરવા અંગે.

સંદર્ભ :- પરિપત્ર નં. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/૪૪ તા.૦૮/૦૬/૨૦૧૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અનવ્યે નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔધોગિક પ્લોટ/શેડ પેટા વિભાજન કરવા અંગે ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્રની શરત નં.૫ નું અવલોકન જુદી જુદી રીતે કરવાનું ધ્યાન ઉપર આવેલ છે. તેથી તે બાબત અંગેનું સ્પષ્ટીકરણ નીચે મુજબ કરવામાં આવે છે અને તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

<u>૫-અ</u> જે મોટા પ્લોટનું પેટા વિભાજન કરવાનું હોય ત્યારે પેટા વિભાજનની દરખાસ્તમાં નકશામાં દર્શાવેલ પ્લોટનું ક્ષેત્રફળ ઓછામાં ઓછુ ૨૫૦.૦૦ ચો.મી. તથા ૫૦૦.૦૦ ચો.મી કરતાં વધુ રહેતુ હોય ત્યારે હયાત જીઆઇડીસીના રસ્તા ઉપર ૫૦૦.૦૦ ચો.મી. અથવા ૫૦૦.૦૦ ચો.મી. થી વધુ વિસ્તારના મોટા પ્લોટ અને અંદરની બાજુ ઓછામાં ઓછા ૨૫૦.૦૦ ચો.મી. વિસ્તાર સુધીના પ્લોટ રાખી શકાશે.

<u>૫-બ</u> જે નાના પ્લોટનું પેટા વિભાજન ચાર કરતા ઓછા પ્લોટમાં કરવાનું હોય ત્યારે પેટા વિભાજનની દરખાસ્તમાં નકશામાં દર્શાવેલ પ્લોટનું ક્ષેત્રફળ ઓછામાં ઓછુ ૨૫૦.૦૦ ચો.મી રહેતું હોય ત્યારે હયાત જીઆઇડીસીના રસ્તા ઉપર લધુત્તમ ૨૫૦.૦૦ ચો.મી સુધીના પ્લોટની મંજુરી આપી શકાશે.

--સહી--

માન.ઉપા.અને વ.સં.શ્રી

મારફત રવાના:-

મેનેજરશ્રી, (મહેકમ)

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.
નકલ જયભારત સહ રવાના:-

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
૨. પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
૩. જનરલ મેનેજરશ્રી ગ્રેડ-૧ (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર